| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૦૯/૦૩/૨૦૨૦ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૪૮૫/૨૦૨૦**

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સરખેજ પોલીસ સ્ટેશન** :

## સરખેજ પોલીસ સ્ટેશનનો ઘરફોડ ગુનો ડીટેકટ કરી બે આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ

સરખેજ પોલીસ સ્ટેશન ગુના નં.પાર્ટ-એ-૧૧૧૯૪૮૨૦૦૨૦૫/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના કામના ફરીયાદીશ્રી જગદિશભાઇ ગણપતભાઇ પટેલ ઉ.વ.૪૪ રહે.સી/૩૦૫ તીર્થવીલા ફલેટ,આનંદ પાર્ટી પ્લોટની સામે,ન્યુ રાણીપ,અમદાવાદ શહેરનાઓની ફરીયાદના કામે હકિકત એવી છે કે ગઈતા.૦૩/૦૩/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ થી તા.૦૪/૦૩/૨૦૨૦ ના કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાનમાં ફરી.શ્રીના મોજે ૯, ભારત એસ્ટેટ,જયપુર ગોલ્ડ ટ્રાન્સપોર્ટની સામે ઉજાલા સર્કલ પાસે સરખેજ અમદાવાદ શહેર ખાતેથી કોઈ અજાણ્યા ઇસમોએ ફરી.શ્રીના ગોડાઉનનુ શટર તોડી ગોડાઉનમાં પ્રવેશ કરી વિમલ પાન મસાલાની ૫૦ થી વધુ બોરીઓ તથા LED TV નંગ-૨૩ મળી આશરે રૂપિયા છ લાખ થી સાત લાખ મત્તાની ચોરી કરી લઇ જતા ઉપરોકત નંબરથી ગુનો દાખલ કરી ગુનાની તપાસ પોલીસ ઇન્સ્પેકટરશ્રી બી.બી.ગોયલ સા.નાઓએ સંભાળી લીધેલ.

ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી"એમ" ડિવીઝન સાહેબનાઓ તરફથી સદર ગુનો ડીટેક કરવાની સુચના તથા માર્ગદર્શન હેઠળ સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબનાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડનાં પ્રો.પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા તથા સર્વેલન્સ સ્કોડનાં માણસો તથા પી.આઇ.પર્સનલના સ્ટાફના માણસોની જુદીજુદી ટીમો બનાવી દરેક ટીમને અલગ-અલગ કામગીરી સોંપી ચોરી થયેલ ગોડાઉન વિસ્તારની આજુબાજુમાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી.કેમેરાની ફુટેજ મેળવી ફુટેજ આધારે ગોડાઉનમાંથી ચોરી કરી એક ટ્રકમાં મુદામાલ ભરી લઇ જતા જણાયેલ જે આધારે અલગ અલગ જગ્યાના સી.સી.ટી.વી.ફુટેજ તપાસી ટ્રકના નંબરની ખરાઇ કરી તેમજ આરોપીઓના મોબાઇલ નંબરના ટાવર લોકેશન આધારે આરોપીઓ માલેગાવ નાસિક મહારાષ્ટ્ર હોવાનુ જણાઇ આવતા સર્વેલન્સ સ્કોડનાં માણસોની એક ટીમ બનાવી માલેગાવ મહારાષ્ટ્ર ખાતે તપાસમાં મોકલતા સદર ગુનામાં ચોરીમાં ગયેલ મુદામાલ ગુનાના કામે વાપરેલ ટ્રક સાથે માલેગાવ મહારાષ્ટ્ર ખાતેથી બે આરોપીઓને પકડી પાડી સદર ગુનાના કામે આરોપીઓને તા.૦૭/૦૩/૨૦૨૦ ના કલાક ૨૧/૦૫ વાગે અટક કરી અન ડીટેકટ ગુનો ટીમ વર્કથી કામ કરી ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી ઘરફોડ ગુનો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કબ્જે કરેલ મુદ્દામાલ-

(૧)ગુનાના કામે ચોરીમાં ગયેલ વિમલ પાન મસાલાની ૫૫ બોરીઓ કિં.રૂ.૬૫૦૦૦૦/- મતાનો મુદામાલ

(૨)ગુનાના કામે વાપરેલ ટ્રક નં.MH-18-M-6097 ની કિં.રૂ.૮,૦૦૦,૦૦/- મતાની

(૩)મોબાઇલ ફોન-૦૨ કિં.રૂ.૬૫૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૧૪૫૬૫૦૦/-મતા

- પકડાયેલ આરોપીઓ:-
- (૧) શહિમ અહેમદ સન/ઓ અયાજ અહેમદ યાકુબભાઇ ઉ.વ.૩૭ રહે.૩૮/બ/૧ મંગલવાર વોર્ડ,યાસીન મિયાના તકિયા માલેગાવ નાસિક મહારાષ્ટ્ર ૪૨૩૨૦૩
- (૨) મહમદ વસીમ ઉર્ફે બલ્લુ સન/મહમદ સલીમ મહમદ નસીર ઉ.વ.૨૪ રહે.ઘ.નં.૬૫ સર્વે નં.૧૩૦/૧, ૦૭, વારદાન નગર માલેગાવ નાસિક મહારાષ્ટ્ર

પકડવાના બાકી આરોપીઓ

(૧) શાહરૂખ આમીર શેખ રહે.નવી વસ્તી માલેગાવ મહારાષ્ટ્ર

(૨) વસીમ રહે.વટવા અમદાવાદ શહેર

(૩) સરફરાજ રહે.માલેગાવ મહારાષ્ટ્ર

કામગીરી કરનાર જુદીજુદી ટીમો:-

(૧)પોલીસ સ્ટેશન ખાતે હાજર રહિ ટેકનીકલ સોર્સીસ તથા મોબાઇલ કોલ ડીટેઇલ એનાલીસીસ કરેલ

બી.બી.ગોયલ પોલીસ ઇન્સ્પેકટર તથા અ.હેડ કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ સર્વેલન્સ સ્કોડ તથા અ.હેડ.કોન્સ દેવેન્દ્રસિંહ બબલસિંહ સર્વેલન્સ સ્કોડ તથા અ.પો.કોન્સ.પ્રદિપસિંહ દોલતસિંહ પી.આઇ.પર્સનલ તથા અ.પો.કોન્સ.ધર્મેન્દ્રકુમાર લાલજીભાઇ પી.આઇ.પર્સનલ

(૨)માલેગાવ મહારાષ્ટ્ર ખાતે જઇ મુદામાલ સાથે આરોપીઓ પકડી પાડનાર

વી.ડી.ડોડીયા પ્રો.પો.સબ.ઇન્સ. તથા અ.હેડ.કોન્સ ઇદરીશખાન સામતખાન તથા અ.પો.કોન્સ રણજીતસિંહ સુખદેવસિંહ તથા અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ તમામ સર્વેલન્સ સ્કોડ સરખેજ પોલીસ સ્ટેશન

(૩)ગોડાઉન ખાતેથી ચોરી કરી ટ્રકમાં મુદામાલ ભરી ગયેલ તે રૂટ ઉપરના સી.સી.ટી.વી.ફુટેજ ચેક કરનાર તથા ટ્રકની માહિતી એકત્રીત કરેલ

એ.એસ.આઇ ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા અ હેડ કોન્સ.લક્ષ્મણસિંહ ગોવિંદસિંહ તથા અ.હેડ.કોન્સ યશપાલસિંહ પ્રવિણસિંહ તથા અ હેડ કોન્સ.રાજેશકુમાર પ્રવિણભાઇ તથા અ.પો.કો સુરેશભાઇ ગગુભાઇ તથા અ.પો.કોન્સ.દશરથસિહ કરશનભાઇ તથા અ.પો.કોન્સ.જયરાજસિંહ મહિપતસિંહ તથા અ.પો.કોન્સ હરીસંગ સુરતસંગ તથા અ.પો.કોન્સ ધર્મેન્દ્રસિંહ નારણભાઇ તથા અ.પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ તથા અ.લોકરક્ષક જયરાજદાન કિરીટદાન તથા અનાર્મ લોકરક્ષક વિરભદ્રસિંહ ખુમાનસિંહ તથા અનાર્મ લોકરક્ષક હરદેવસિંહ ભુપતસિંહ



# મોબાઇલ ફોનની ચીલઝડપ કરતા આરોપીને મુદ્દામાલના મો.ફોન તથા સુઝુકી એક્સેસ સાથે ઝડપી પાડી પાલડી પો.સ્ટે.નો ગુનો ડીટેક્ટ કરતો ડીસીપી ઝોન-૭ સ્કોડ

પોલીસ કમીશ્નર સાહેબશ્રી તથા સંયુકત પોલીસ કમીશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-7 સાહેબશ્રી નાઓની સુચનાથી વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ ચેઇન સ્નેચીગના બનતા બનાવો અટકાવવા તેમજ બનેલ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સારૂ આજ રોજ પો.સ.ઇ. વી.જે.જાડેજા તથા સાથેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઝોન-૭ વીસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના **પો.કો. મનુભાઇ વલુભાઇ તથા પો.કો. અંજુમઅલી ઇસમઅલી** નાઓને સંયુકત રીતે ખાનગી બાતમીદારથી હકીકત મળેલ, જે આધારે આરોપીને અલગ અલગ કંપનીના ચાર મો.ફોન તથા ગુનાના કામે વાપરેલ લાલ કલરના નંબર વગરના સુઝુકી એક્સેસ સાથે પકડી પાડી ઇસમને આજ રોજ તા-૦૯/03/૨૦૨૦ ના કલાક ૧3/30 વાગ્યે CrPC કલમ-૪૧(૧)ડી મુજબ અટક કરી મુદ્દામાલનો ચારેય મો.ફોનની કિં.રૂ.- 3૮,000/- તથા સુઝુકી એક્સેસ કિં.રૂ.૨0,000/- નુ મળી કુલ્લે કિં.રૂ.૫૮,000/- નો મુદ્દામાલ CrPC કલમ- ૧0૨ મુજબ કબ્જે કરી પાલડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.- ૪૯/૨૦૨૦ (પાર્ટ-એ-૧૧૧૯૧૦૨000૪૯/૨૦૨૦) ઇપીકો કલમ- 3૭૯(એ)(3) મુજબનો ગુનો શોધી કાઢેલ છે.

**આરોપીઓ:**

મોહમદ આલીમ ઉર્ફે ગુડ્ડુ મોહમદહનીફ મલીક ઉં.વ.-૨૫ રહે.- એ/૧, બિસ્મીલ્લાનગર, બહેરામપુરા પોલીસ ચોકી સામે જમાલપુર ચાર રસ્તા જમાલપુર અમદાવાદ

**મુદ્દામાલ:**

(૧) રીઅલમી XT વાદળી કલરનો મો.ફોનની કિં.રૂ.-૧0,000/-

(૨) વીવો ૧૯૧૬ કાળા કલરનો મો.ફોનની કિં.રૂ.-૮000/-

(3) રીઅલમી XT વાદળી કલરનો મો.ફોનની કિં.રૂ.- ૧0,000/-

(૪) ઓપો એ-5-એસ કાળા કલરનો મો.ફોનની કિં.રૂ.-૧0,000/- ગણી શકાય તે

(૫) નંબર વગરનુ લાલ કલરનુ સુઝુકી એક્સેસ એંજીન નં.- AF211084665 તથા ચેસીસ નં.- MB8DP11AHG 8191883 નો જેની કિં.રૂ.૨0,000/- ગણી શકાય જે કુલ્લે રૂ. ૫૮,000/- નો મુદ્દામાલ

**આ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:**

ડીસીપી ઝોન-૭ સ્કોડ અમદાવાદ શહેરના પો.સ.ઇ.વી.જે.જાડેજા તથા મ.સ.ઇ. મીલન એલ.રામાણી તથા મ.સ.ઇ. અજયકુમાર કનુજી તથા હે.કો. ગજેંદ્રસિંહ ઇશ્વરસિંહ તથા પો.કો. વિજયસિંહ હનુભા તથા પો.કો. હરપાલસિંહ વિક્રમસિંહ તથા પો.કો. મનુભાઇ વલુભાઇ તથા પો.કો. ભાનુભાઇ વજુભાઇ તથા પો.કો. અંજુમઅલી ઇસમઅલી તથા અ.લો.ર. રવિરાજસિંહ મહિપતસિંહ તથા અ.લો.ર. નાગરાજભાઇ અમકુભાઇ



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

## ડુપ્લીકેટ સોનું વેચી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે કુબેરનગર પોલીસ ચોકીના પો.સબ.ઇન્સ. આઇ.કે.મોથલિયા તથા હે.કો. કુણાલકુમાર અશોકકુમાર બ.નં-૪૪૪૩ તથા અ.પો.કોન્સ ભરતભાઇ હરચંદભાઇ બ.નં-૮૪૫૭ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.સબ.ઇન્સ.આઇ.કે.મોથલિયા તથા અ.પો.કોન્સ ભરતભાઇ હરચંદભાઇ બ.નં-૮૪૫૭ નાઓને સયુકત ખાનગી બાતમી હકિકત મળેલ કે, એક ઇસમ જેણે શરીરે છીકણી કલરનો આખી બાયનો શર્ટ તથા સીલેટીયા કલરનું પેન્ટ પહેરેલ છે તે ઇસમ હાલ વાલ્મીકી આવાસ યોજના પાસે બહારના ભાગે આવેલ કીટલી ઉપર ચા પીવા આવેલ છે તે ઇસમે ચાંદખેડા આઇઓસી રોડ ખાતે આવેલ કિષ્ણા મોબાઇલ નામની દુકાનના માલીકને વિશ્વાસમાં લઇ ડુપ્લીકેટ સોનુ વેચી નાસતો ફરતો ફરે છે જેથી સદર જગ્યાએ જઈ જોતા બાતમી હકિકત વાળો ઈસમ ત્યા હાજર હોય જેથી બાતમીદારે ઓળખી બતાવતા સદર ઈસમને સાથેના સ્ટાફના માણસોથી સ્થળ ઉપર પકડી લઈ તેનુ નામઠામ પુછતા પોતે પોતાનું નામ મનિષકુમાર પુનારામ જાતે બાવરી ઉ.વ-૨૩ રહેવાસી-ગામ-નરતા બાવરી વાસ તા:-ભીનમાલ જી:-ઝાલોર(રાજસ્થાન) નું હોવાનું જણાવેલ અને સદરીની જડતી તપાસ કરતા તેના પાસેથી એક ઓપો કંપનીનો એ૩૧ મોડલનો મોબાઇલ ફોન જેની કિ.રૂ.૧૦,૦૦૦/- ગણાય તે તથા તેના પેન્ટના ખિસ્સામાંથી અલગ અલગ દરની ચલણી નોટો મળી રૂપિયા ૭,૮૨૦/- રોકડા મળી આવેલ બાદ સદરી ઇસમને પુછ પરછ કરતા પોતે ચાંદખેડા આઇઓસી રોડ ખાતે આવેલ કિષ્ણા મોબાઇલ નામની દુકાનના માલીકને વિશ્વાસમાં લઇ ડુપ્લીકેટ સોનુ બે કિલો ના રૂપિયા ૨,૦૦,૦૦૦/ નક્કી કરી અને રૂપિયા ૧,૭૦,૦૦૦/- માં વેચી અને રૂપિયા ૩૦,૦૦૦/- બાકી રાખી પોતે નાસતો ફરતો હોવાનુ જણાવેલ. જેથી સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ મુદ્દામાલ કબજે કરી મળી આવેલ આરોપીને સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરવામા આવેલ છે અને સદરહુ બાબતે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.-૪૭/૨૦૨૦ ઈપીકો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી અનડીટેક્ટ ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરવામા આવેલ છે. આ ગુનાના કામે જરૂરી કાર્યવાહી કરવા સારું આરોપી તથા મુદ્દામાલ તથા કરેલ તપાસના કાગળો ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

**આરોપી:-** મનિષકુમાર પુનારામ જાતે બાવરી ઉ.વ-૨૩, રહેવાસી-ગામ-નરતા બાવરી વાસ તા:- ભીનમાલ જી:- ઝાલોર (રાજસ્થાન)

**મુદ્દામાલ;-** ઓપો કંપનીનો એ૩૧ મોડલનો મોબાઇલ ફોન જેની કિ.રૂ.૧૦,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૭૮૨૦/-

**કામગીરી કરનાર અધીકારી/કર્મચારી;**-(૧) પો.સબ.ઇન્સ.આઇ.કે.મોથલિયા કુબેરનગર પોલીસ ચોકી તથા (૨) હે.કો.કુણાલકુમાર અશોકકુમાર બ.નં-૪૪૪૩ (૩) અ.પો.કોન્સ.ભરતભાઇ.હરચંદભાઇ.બ.નં-૮૪૫૭



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઓઢવ પોલીસ સ્ટેશન** :

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ

ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી તથા સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર "આઈ" ડીવીજન શ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ ઓઢવ અંબિકાનગર જી.આઇ.ડી.સી રોડ નં-૫, ટાઇગર એસ્ટેટ શેડ નં-૭૧/પી માંથી કુલ-૬ આરોપીઓને ગંજીપાનાનો હારજીતનો જુગાર રમી રમાડતા તા-૦૮/03/૨૦૨૦ ના ક.૧૯/૫૦ વાગે પકડી તેઓ વિરૂધ્ધ જુગાર ધાર કલમ ૪,૫ મુજબ કાયદેસર કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૦૮/03/૨૦૨૦

**આરોપીઓના નામ-સરનામા:**

(૧) અભિષેકભાઇ પોપટભાઇ પટેલ ઉ.વ.૩૭ રહે: મ.નં-એ/૧/૧૦૬, મધુવૃદ રો-હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અ'વાદ શહેર તથા (૨) મહેન્દ્રભાઇ બાબુભાઇ પટેલ, ઉ.વ.૩૯ રહે: મ.નં-૧૩, સુરોહી પાર્ક સોસાયટી, સોપાન રેસીડન્સી સામે, નિકોલ-નરોડા રોડ, નિકોલ, અ'વાદ શહેર તથા (૩) નવીનભાઇ બાબુભાઇ જોડે(મરાઠી), ઉ.વ.૪૬ રહે- મ.નં-૩૯, કર્ણાવતી હોમ્સ, નિરાંત ચોકડી, વસ્ત્રાલ, રામોલ, અ'વાદ શહેર તથા (૪) બકુલભાઇ જયંતિલાલ નાયક, ઉ.વ.૪૫ રહે: બી/૩૫, ઇન્દીરાનગર હુડકો, સિંગરવા-કઠવાડા, અ'વાદ શહેર તથા (૫) અશોકભાઇ અંબાલાલ પટેલ, ઉ.વ.૪૦ રહે: મ.નં-૧૦, સિંફોની હોમ્સ, પી.ડી.પી.રોડ, રાયસણ, ગાંધીનગર તથા (૬) અર્પિતભાઇ હસમુખલાલ ડાભી, ઉ.વ.૩૪ રહે: મ.નં-ઇ/૨૦૮, કર્ણાવતી ફ્લેટ, મણીનગર ચાર રસ્તા પાસે, મણીનગર, અ'વાદ શહેર

**કામગીરી કરનાર અધીકારી/કર્મચારી:** પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી.જાડેજા, પો.સબ.ઇન્સ આર.એ.ઝાલા, અ.હે.કો ત્રિપાલસિંહ રઘુવીરસિંહ બ.નં.૪૭૯૯, અ.હેડ.કોન્સ દિલીપસિંહ કિશોરસિંહ બ.નં-૭૫૮૯, અ.હે.કોન્સ સંજયસિંહ ગણપતસિંહ બ.નં-૩૬૪૭, અ.હે.કો અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪ તથા અ.પો.કો સંદિપભાઇ જયંતિભાઇ બ.નં-૧૦૧૬૩.

**બાતમી હકીકત:** અ.હે.કો ત્રિપાલસિંહ રઘુવીરસિંહ તથા પો.કો સંદિપભાઇ જયંતિભાઇ

**મુદ્દામાલ:** અંગ જડતીના નાંણા રુપિયા ૨૫,૮૫૦/- તથા નાળના રુપીયા ૪,૦૦૦/- તથા દાવના નાણા રુપીયા ૧૩,૬૦૦/- મળી કુલ્લે રૂ.૪૩૪૫૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૬ કિ.રૂ.૪૫૦૦૦/ તથા ગંજીપાના કેટ નંગ-૦૧ કિ.રૂ. ૦૦/૦૦ તથા વાહનો નંગ-૫ કુલ્લે કિ.રૂ.૭,૪૫,૦૦૦/- મળી કુલ્લે રુપીયા ૮,૩૩,૪૫૦/- ના મત્તાનો મુદામાલ

# મહીલા દિવસે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા ચોરી-છુપીથી દારૂનો વ્યવસાય કરતી મહીલાઓની સાથે મીટીંગ કરી દારૂની પ્રવુત્તી બંધ કરી અન્ય વ્યવસાય કરવા સમજણ આપતી ઇસનપુર પોલીસ તથા માનવ અધિકાર સુરક્ષા સંઘ

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

આજરોજ તા.૦૮/૦૩/૨૦૨૦ ના રોજ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા "સી" ટીમ દ્વારા ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા ચોરી-છુપીથી દારૂ વેચવાની અસામાજીક પ્રવુત્તી ચલાવતા મહીલા બુટલેગરોની ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે મીટીંગ બોલાવી આ મીટીંગમા ૧૨ મહીલા તથા ૫ પુરૂષ હાજર રહેલા અને માનવ અધિકાર સુરક્ષા સંઘના ગુજરાતના પ્રમુખ શ્રી કિરણભાઇ કંસારા તથા ઉપપ્રમુખ શ્રી કેતનભાઇ કંસારા તથા એપીક ફાઉન્ડેશનના પ્રમુખ/એકવીયસ સ્મોલ ફાયનાન્સ બેન્કના મેનેજર શ્રી મિલન વાઘેલા નાઓને પણ હાજર રાખી આ મહીલાઓને દારૂની પ્રવુત્તી બંધ કરી અન્ય વ્યવસાય કરવા માટે સમજાવવામા આવેલ અને અન્ય વ્યવસાય કરવા માટે ફાયનાન્સની જરૂરીયાત ઉભી થાય તો એકવીયસ સ્મોલ ફાયનાન્સ બેન્કના મેનેજર શ્રીએ જરૂરીયાત મુજબની લોન આપવાનુ પણ મીટીંગમા જણાવેલ અને મહીલાઓએ પોતે આ દારૂ વેચવાની પ્રવુત્તી નહી કરવાની બાહેધરી આપેલ છે









# મહીલા દિવસે ઇસનપુર પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા મહીલા કર્મચારીઓનુ ઇસનપુર પોલીસ તથા માનવ અધિકાર સુરક્ષા સંઘ તરફથી સન્માન કરવા બાબત

આજરોજ તા ૦૮/03/૨૦૨૦ ના રોજ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સ્ટાફ તથા માનવ અધિકાર સુરક્ષા સંઘ દ્વારા સયુક્ત રીતે મહીલા દિવસે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા મહીલા પોલીસ કર્મચારીઓનુ બુકે આપી સન્માન કરવામા આવેલ છે









# "SHE TEAM" ની કામગીરીની વિગત

<table>
<tr>
<td>રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા ની રામલાલ ખાડો વિસ્તાર માં રહેતી મહિલા અને છોકરી સાથે વાતચીત કરી તથા તેમને ગુડ ટચ તથા બેડ ટચ વિશે માહિતી આપી તથા તેમને ૧૦૦ ,૧૮૧,૧૦૯૧ મહિલા હેલ્પલાઇન ની માહિતી આપી.</td>
<td></td>
</tr>
<tr>
<td></td>
<td></td>
</tr>
<tr>
<td>વટવા પો.સ્ટે વિસ્તારમાં આવેલ સ્કુલો ખાતે SHE ટીમે મહિલા હેલ્પલાઇન તથા પોલીસ હેલ્પલાઈન વિશે સમજ કરી મહિલા ઓની સુરક્ષા બાબતે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.</td>
<td>
</td>
</tr>
<tr>
<td>ઓઢવ પોલીસ સ્ટેશન દ્વારા મહીલા દિન નિમિતે મહિલાઓનું સન્માન કરવામાં આવેલ છે.</td>
<td></td>
</tr>
</table>

| | |
|---|---|
|  |  |
| સાબરમતી પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા વિસ્તાર માં રહેતી મહિલા અને છોકરી સાથે વાતચીત કરી તેમને ૧૦૦,૧૮૧,૧૦૯૧ મહિલા હેલ્પલાઇન ની માહિતી આપી. |  |
|  |  |
| સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા ગોતા ખાતે આવેલ દેવ પરિસર સોસાયટીમાં બાળકો, મહિલાઓ તેમજ સિનીયર સીટીઝનોની મીટીંગ કરી મહિલા જાગૃતીના કાયદા તેમજ મહિલા હેલ્પલાઇન નંબર વિશે જાણકારી આપવામા આવી. |  |